(7)

**બઢતી માટેની ખાતાકીય પરીક્ષાના**
**ધોરણોમાં ફેરફાર કરવા બાબત.**

ગુજરાત સરકાર
સામાન્ય વહીવટ વિભાગ
ઠરાવ ક્રમાંક: ખતપ -૧૦૦૪-૧૪૭૩-ક:
સચિવાલય, ગાંધીનગર.
તા.૧૭-૦૨-૨૦૦૬

વંચાણે લીધા:

(૧) સા.વ.વિ. ના તા.૯-૦૧-૧૯૭૩ના સ.ઠ. ક્રમાંક: EXM - ૧૨૬૫-૭૩ -ક ;
(૨) સા.વ.વિ. ના તા.૧૯-૧૨-૧૯૭૯ના સ.ઠ. ક્રમાંક: ખતપ -૧૦૭૯-૩૭૦૧ -ક;
(૩) સા.વ.વિ. ના તા.૩૦-૦૩-૧૯૮૯ના સ.ઠ. ક્રમાંક: ખતપ -૧૦૮૯ -ક;
(૪) ના.વિ.ના તા.૨૦-૧૨-૯૧ ના સ.ઠ. ક્રમાંક: એઓપી-૧૦૯૧-૨૮-મ,
(૫) સા.વ.વિ. ના તા.૧૨-૦૩-૧૯૯૨ના સ.ઠ. ક્રમાંક: ખતપ -૧૦૭૯-૩૭૦૧.(૯૧-૧૦૫૩) -ક;
(૬) સા.વ.વિ. ના તા.૧-૦૧-૧૯૯૯ના સ.ઠ. ક્રમાંક: ખતપ -૧૦૯૮-૧૫૦૭ -ક;
(૭) સા.વ.વિ. ના તા.૯-૦૬-૧૯૯૯ના સ.ઠ. ક્રમાંક: ખતપ-૧૦૯૮ -૧૬૮૪ -ક;
(૮) સા.વ.વિ. ના તા.૪-૦૧-૨૦૦૦ ના સ.ઠ. ક્રમાંક: ખતપ-૧૦૯૮ -૧૫૦૭ -ક;
(૯) સા.વ.વિ. ના તા.૨૬-૧૨-૨૦૦૫ ના જાહેરનામા ક્રમાંક: જીએસ-૩૯-૨૦૦૫-સીઆરઆર-૧૦૨૦૦૩-૬૭૨ (i)-પાર્ટ-૨- ગ-૨;

**આમુખ:**

સરકારી કર્મચારી- અધિકારીઓ માટે નિયત કરાયેલી બઢતી માટેની ખાતાકીય પરીક્ષા પાસ કરવી એ સેવાની એક શરત તરીકે જરૂરી હોય છે. બઢતી અને તેના વિકલ્પે સરકાર દ્વારા આપવામાં આવતો ઉચ્ચતર પગાર ધોરણનો લાભ નિયત કરાયેલી ખાતાકીય પરીક્ષા પાસ કરેલ હોય તેમને જ આપવામાં આવે છે. વહીવટી સુધારણા માટે ગુણવત્તાના ધોરણોની જાળવણી ને પ્રાધાન્ય આપવાના પરિપેક્ષ્યમાં ખાતાકીય પરીક્ષાના ધોરણોમાં ફેરફાર કરવાની બાબત સરકારની વિચારણા હેઠળ હતી. કાળજી પૂર્વકની વિચારણાને અંતે ખાતાકીય પરીક્ષાના ધોરણોમાં નીચે મુજબના ફેરફાર કરવાનું ઠરાવવામાં આવે છે.

**ઠરાવ:**

(૧) જુદા જુદા વિભાગોમાં લેવાતી ખાતાકીય પરીક્ષામાં કેટલાક વિષયોમાં અભ્યાસક્રમનો પેપરોમાં પુસ્તક સાથે પરીક્ષા આપવા દેવામાં આવે છે તેને બદલે

બધા જ વિષયોમાં પુસ્તકો સાથે પરીક્ષા આપી શકાશે. આ માટે જે તે વિષયનું મૂળ પુસ્તક એટલેકે કોઈ ટિપ્પણી માર્ગદર્શન કે પૂર્વસ્થાપિત કેસ ઉધ્ધરણો/નિયમો વિનાનો મૂળ કાયદો / અધિનિયમ. ( Bare-Act without any commentaries or case Laws & Rules) કે સંબંધિત અધિનિયમ (Act) હેઠળ ઘડવામાં આવેલ હોય તેમજ ગુજરાત સરકાર દ્વારા પ્રકાશિત કરવામાં આવેલ હોય તેવા મેન્યુલ્સ (Manuals) નો જ ઉપયોગ કરી શકાશે. પરંતુ અન્ય પ્રકાશન જેવાં કે ગાઈડ કે સરકારે નિયત કરેલ ન હોય તેવું કોઈ પણ સાહિત્ય ખાતાકીય પરીક્ષા આપનાર કર્મચારી / અધિકારીને ખાતાકીય પરીક્ષામાં સાથે રાખવા દેવામાં આવશે નહિ.

(૨) ખાતાકીય પરીક્ષામાં પાસ થવાનું ધોરણ તમામ પેપરોમાં ૫૦% માર્કસનું રહેશે.

(૩) ખાતાકીય પરીક્ષાઓમાં કૃપાગુણ આપવાના રહેશે નહિ.

(૪) કોઈ એક વિષયમાં ૬૦% કે વધુ ગુણ મેળવનાર પરીક્ષાર્થીને તે વિષય પૂરતી મુક્તિ મળશે.

(૫) દર વર્ષે ખાતાકીય પરીક્ષા બે વખત અચૂક લેવાવી જોઈશે. આ અંગે પરીક્ષા લેનાર સંસ્થા સાથે આયોજન કરાવી લેવાની જવાબદારી સંબંધિત વિભાગ / ખાતાના વડાની રહેશે.

(૬) ખાતાકીય પરીક્ષા યોજાયેલ ન હોવાના કારણસર કોઈ પણ કર્મચારી / અધિકારીને ખાતાકીય પરીક્ષામાં બેસવામાંથી મુક્તિ આપવાની રહેશે નહિ. તેમજ કોઈ પણ કર્મચારી / અધિકારીને ૪૫ વર્ષની ઉંમરે પહોંચ્યા પછી પણ ખાતાકીય પરીક્ષામાં બેસવામાંથી મુક્તિ આપવાની રહેશે નહિ. ખાતાકીય પરીક્ષા પસાર કરવાની જોગવાઈ બઢતી / ઉચ્ચતર પગાર ધોરણની પાત્રતા બન્ને માટે લાગુ પડશે.

(૭) ખાતાકીય પરીક્ષામાં બધા વિષયનાં મેળવેલ કુલ ગુણ સહિત એકંદરે ૮૦% કે તેથી વધારે ગુણ પ્રાપ્ત કરનાર કર્મચારી / અધિકારીને રૂા.૫૦૦૦/- નું પ્રોત્સાહક ઈનામ સંબંધિત વિભાગ / ખાતાના વડાએ મંજૂર કરવાનું રહેશે. આ જોગવાઈનો લાભ જે તે કર્મચારીને સમગ્ર નોકરી દરમ્યાન એક વખત આપવાનું ઠરાવવામાં આવે છે.જેનો ખર્ચ તાલીમ સદરે ઉધારવાનો રહેશે.

(૮) કર્મચારીઓ/ અધિકારીઓના જ્ઞાનમાં વધારો થાય તે માટે પ્રવર્તમાન નિયમો, રાજ્યના વિકાસ આયોજન / યોજનાઓ વગેરે બાબતોનો સમાવેશ કરી સારી ગુણવત્તા વાળો વહીવટ કરવા માટે અભ્યાસક્રમમાં જરૂરી સુધારા આમેજ કરવાના રહેશે. ખાતાકીય પરીક્ષાના નિયમોમાં વહીવટી કામગીરીને તથા પ્રવર્તમાન નિયમોને તથા કોમ્પ્યુટરનો ઉપયોગ વગેરે ધ્યાને લઈ દર પાંચ વર્ષે ખાતાકીય પરીક્ષાના પેપરો / નિયમો વગેરેમાં સંબંધિત વિભાગે / ખાતાના વડાએ જરૂરી ફેરફાર કરતાં રહેવું.

(૯) વિભાગ / ખાતાના વડાએ વર્ગ-૧ અને વર્ગ-૨ની જગ્યાએ બઢતી આપતી વખતે પણ જ્યાં આવી ખાતાકીય પરીક્ષાઓ આપવાની જોગવાઈ ન હોય ત્યાં ખાતાકીય પરીક્ષાઓ યોજવા અંગે જરૂર જણાયે વિચારણા કરી તાત્કાલિક અમલ થાય તે માટે યોગ્ય કાર્યવાહી સત્વરે હાથ ધરવાની રહેશે.

(૧૦) રાજ્ય સરકારમાં ચાલતા વહીવટમાં જુદા જુદા વિષયો બાબતમાં છેલ્લા નિયમો / માહિતી વગેરેથી માહિતગાર થઈ કર્મચારીઓ/ અધિકારીઓ સારો વહીવટ કરવામાં મદદરૂપ થાય તે આશયથી "સરદાર પટેલ રાજ્ય વહીવટ સંસ્થા, અમદાવાદ" ખાતે કર્મચારીઓ/ અધિકારીઓ માટે ૨(બે) વર્ષમાં ૩ (ત્રણ) દિવસની તાલીમ ફરજીયાત આપવાની રહેશે. આ અંગે સંબંધિત વિભાગે / ખાતાના વડાએ યોગ્ય કાર્યવાહી સત્વરે હાથ ધરવાની રહેશે.

(૧૧) જે સંવર્ગોમાં બઢતીથી નિમણૂંક માટે ખાતાકીય પરીક્ષાના નિયમો નથી, ત્યાં ખાતાકીય પરીક્ષાના નિયમો ઘડવા અંગે તાત્કાલિક અમલની કાર્યવાહી સત્વરે હાથ ધરવાની રહેશે.

(૧૨) સંબંધિત વિભાગે / ખાતાના વડાએ ખાતાકીય પરીક્ષાના જુદા જુદા વિષયોના કયા કયા પુસ્તકો સાથે રાખી શકાશે તે અંગેની સૂચનાઓ જરૂર મુજબ બહાર પાડવાની રહેશે.

(૧૩) ઉપર જણાવેલ બાબતે સંબંધિત વિભાગ / ખાતાના વડાએ જે તે ખાતાકીય પરીક્ષાના નિયમોમાં સા.વ.વિ. ના પરામર્શમાં તાત્કાલિક સુધારા કરવાના રહેશે.

(૧૪) આ હુકમો પ્રસિધ્ધ થયા તારીખ બાદ લેવાનાર બઢતી માટેની ખાતાકીય પરીક્ષાઓ માટે ઉપર મુજબની જોગવાઈઓ લાગુ પડશે.

---૪--

(૧૫) આમુખમાં નિર્દિષ્ટ ઠરાવોની સંબંધિત જોગવાઈઓ પૈકી જે જોગવાઈઓ ઉક્ત સૂચનાઓ અન્વયે રદ થયેલી હોય તેટલા અંશે સુધારેલી ગણવાની રહેશે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

( મનોજ ઓઝા )
નાયબ સચિવ,
સામાન્ય વહીવટ વિભાગ,
ગુજરાત સરકાર.

પ્રતિ,
માન. રાજ્યપાલશ્રીના સચિવશ્રી,
માન. મુખ્યમંત્રીશ્રીના અગ્રસચિવશ્રી, માન. મુખ્યમંત્રીશ્રીનું કાર્યાલય , સચિવાલય, ગાંધીનગર.
સર્વે માન. મંત્રીશ્રીઓ / રા.ક. મંત્રીશ્રીઓ ના અંગત સચિવશ્રી,
માન. વિરોધપક્ષના નેતાશ્રીના અંગત સચિવશ્રી,
મુખ્ય સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
સચિવાલયના સર્વે વિભાગો (દસ -દસ નકલો સાથે)
*સચિવશ્રી, ગુજરાત જાહેર સેવા આયોગ, અમદાવાદ,
*સચિવશ્રી, ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ, ગાંધીનગર.
*સચિવશ્રી, ગુજરાત વિધાન સભા સચિવાલય, ગાંધીનગર.
*સચિવશ્રી, ગુજરાત તકેદારી આયોગ, ગાંધીનગર.
*સચિવશ્રી, ગુજરાત મુલ્કી સેવા ટ્રીબ્યુનલ, ગાંધીનગર.
*રજિસ્ટ્રારશ્રી, ગુજરાત હાઈકોર્ટ, અમદાવાદ,
એકાઉન્ટન્ટ જનરલશ્રી, ગુજરાત રાજ્ય, અમદાવાદ/રાજકોટ
એડીશનલ એકાઉન્ટન્ટ જનરલશ્રી, અમદાવાદ /ગાંધીનગર.
પે એન્ડ એકાઉન્ટ ઓફીસરશ્રી, અમદાવાદ /ગાંધીનગર.
રેસીડેન્ટ ઓડીટ ઓફીસરશ્રી, અમદાવાદ /ગાંધીનગર.
કમિશ્નર શ્રી, સરદાર પટેલ રાજ્ય વહીવટ ભવન, અમદાવાદ-૧૫.
સર્વે ખાતાના વડા / કચેરીના વડાઓ
સા.વ.વિ. ની સર્વે શાખાઓ
સિલેક્ટ ફાઈલ ' ક ' શાખા,
ના.સે.અ. સિલેક્ટ ફાઈલ,
પ્રમુખ , ધી ગુજરાત સચિવાલય સ્ટાફ એસોસીએશન, સચિવાલય, ગાંધીનગર.

*પત્ર દ્વારા